Vol. 7, Issue: 5, May: 2019 (IJRSML) ISSN: 2321 - 2853

# મનહર મોદીની ગઝલોમાં રદીફ કાફિયાની જમાવટ

વિજય નાડિયા

કવિશ્રી મનહર મોદી ગુજરાતી ગઝલમાં કાફિયા માટે આગવી છાપ ધરાવે છે. તેમની કેટલીક રદીફો તો ચર્ચાનો વિષય પણ બની છે. તો કેટલીક ખુબ લોકપ્રિય પણ બની છે. 'આગાસી' રદીફવાળી રચના ચર્ચાનો વિષય બની છે. તો કૂકડો ખૂબ લોકપ્રિય બની છે. ધડધડ રદીફ, અવાજ, ગતિ અને છિન્ન થતી જતી પરિસ્થિતિ સૂચવે છે. માણસ વસ્તુ બની જાય છે. અને પણ ભયંકર ત્યારે તેનુ સૂચન કરવા માટે ધડધડ શબ્દનો પ્રયોગ કર્યો છે. નગર, નાક, મન, ઝળહળ વિશેષણો થી જોડાઈ એક નહિ પણ ચાર રદીફો સાથે આવે છે. માણસ મિજાજ-મોહ અને આણસ ઈજાર ઓર વગેરે પણ જોવા મળે છે. ઉદાસ ચહેરો એ લાબા રદીફ વાળી ગઝલ છે. 'અગિયાર દરિયાં' ના પૃષ્ઠ નં-૪૦ પરની ગઝલમાં ચખ, દખ, સખ, વખ, નખ, કખ અને લખ જેવાં કાફિયાઓનો ઉપયોગ થયો છે.

પ્રયોગશીલ ગઝલકાર તરીકેની તેમની નામના કાયમ છે. તેમને રદીફ કાફિયાના ઉપયોગમાં પણ પ્રયોગશીલતાનો નવો ચીલો પાડયો છે. 'અગિયાર દરિયાં' ના પૃષ્ઠ નંબર-૪૩ પરની ગઝલના બે શેર જોઈએ...

હતું ઊંઘમાં ઊંઘ જેવું ઉઘાડું,
કરે છે હજી કેમ 'હોંચી' ગધાડું ?
રે છે હજી કેમ 'હોંચી' ગધાડું ?
મેં અક્ષર ભર્યા છે, હું ખેચું છું ગાડું.

અહીંયા ઉઘાડું કાફિયા સાથે ગધાડું કાફિયાનો ઉપયોગ થયો છે. ગુજરાતી ભાષામાં આ પ્રકારનો ઉપયોગ કદાચ પ્રથમ પ્રયોગ ગણી શકાય. એ જ રચનામાં ગાડું-પછાડું, ઉપાડું-આડું વગેરે કાફિયાઓ દ્વારા અર્થની ચમકૃતિ અને ભાવની નવીનતા આપી છે. પૃષ્ઠ અગિયાર દરિયાંનાં પૃષ્ઠ નંબર બાવન પરની આગળ-પાછળ રદીફવાળી ગઝલમાં અડકયો, દડળ્યો, પલળ્યો, ગબડયો, દડકયો, વગેરે કાફિયાઓનું અર્થ સભરતાં સાથે ઉપયોગ કર્યો છે. અને આખી ગઝલ ખુબ જ રસપ્રદ બની રહે છે.

મનહર મોદીની ગઝલોમાં જેવું છે. જી, એવો, ખા, છું, કશુંય, બેઠો, જો, હોજી, છે, કરવું, હું, નથી, મળે, નીકળે, કયાં છે, પડછાયો, થયું, ગયું, છે, લઉં, કરું, આસપાસ, વધ્યું, ખરા, લખ, માંગે છે, ઉછળવાનું આવ્યો, ઘાલ્યું, હાંજી, લાવ્યો, ચલની યાદી, વેચુ છુ, સાકી, સનમ, બારી, સાચું છે, મારે શું, શું જાણું,

મુખડાની માયા, ઝીણા મોર, ખુદાજી, મનહર, જાદવા, દરિયા, અમથાલા, દિવાલમાંથી, વગેરે રદીફોનો ઉપયોગ કરીને ગુજરાતી ગઝલની એક આગવી આભા ઊભી કરી આપી છે. તેમની આ તમામ રદીફો, સ્પષ્ટતાથી આગળ વધીને તેની સિધ્ધી હાંસલ કરી આપે છે. તેમની તમામ રદીફો લોકમુખે સરળતાથી ચડી જાય તેવી છે. અને ચિરંજીવી પણ બની છે.

વજનદાર, ચમકદાર, કરજદાર, મજધાર, સરદાર, નિતારે, સવાહે, કિનારે, ઉતારે, વિચારે, વધારે, કયારે, ફર્યો, સર્યો, ઠર્યો, ડર્યો, મર્યો, ખર્યો, નર્યો, ઘર, કદર, નજર, અસર, ખબર, ભીતર, સફર આ અને આવા કેટલાય ઉત્તમ કાફિયાઓનો ઉપયોગ તેમની ગઝલોમાં થયો છે.

તેમનુ ગઝલકર્મ તેમના રદીફ અને કાફિયાઓના કારણે ગુજરાતી ગઝલમાં પ્રયોગશીલ ગઝલકાર તરીકેની તથા પરંપરાને માન આપનાર કવિ તરીકેની આગવી કેડી કંડારનાર બને છે. ચીનુ મોદી, આદિલ મન્સૂરી, લાભશંકર ઠાકર, હરીશ વટવા, વગેરે સાથે તેમનું જે મુશાયરાઓમાં પ્રભુત્વ રહ્યું છે. તેનો જો કોઈને યશ આપવાનું થાય તો તેમની સમજણ દ્વારા સમાપ અને અર્થસંક્રમણતા સાથે તેમને ઉપયોગ કરેલાં રદીફ અને કાફિયા છે. આમ, મનહર મોદીનાં બંને ગઝલસંગ્રહોમાં રદીફ-કાફિયાની જમાવટનો લાંબો પ્રલંબપટનો વિસ્તાર પડેલો છે. જે અભ્યાસી ઓને અભ્યાસ માટે નોતરે છે.

સંદર્ભસૂચિ

૧. 'મનહરિયત', સંપાદક ચંદ્રકાંત શેઠ, પૃ.૧૧
૨. 'એક વધારાની ક્ષણ', મનહર મોદી (ચંદ્રકાન્ત શેઠની પ્રસ્તાવના)
૩. 'ૐ તત્સત્', મનહર મોદી (ચંદ્રકાન્ત શેઠનો લેખ), પૃ-૫૩
૪. 'એક વધારાની ક્ષણ', મનહર મોદી (ચંદ્રકાન્ત શેઠની પ્રસ્તાવના)
૫.'અગિયાર દરિયા'
૬ .'મનહર અને મોદી'